For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### કોંગ્રેસ કોર્પોરેટર તીર્થ બ્રહ્મભટ્ટે દૂષિત પાણીની બોટલ રજૂ કરી તંત્રને ઘેર્યું

# ગંદા પાણીની બોટલ સાથે વિપક્ષનો પાલિકાની સભામાં ભારે હોબાળો

**નવ સમિતિઓની** રચના, સભ્યોના નામોની જાહેરાત



(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરા મહાનગરપાલિકામાં નવા બોર્ડની રચના બાદ મળેલી પ્રથમ મહત્વપૂર્ણ સામાન્ય સભામાં શહેરના દૂષિત પાણીના મુદ્દે વિપક્ષે ભારે હોબાળો મચાવ્યો હતો. સભાની શરૂઆત થતાં જ વોર્ડ નં.14ના કોંગ્રેસ કોર્પોરેટર તીર્થ બ્રહ્મભટ્ટે શહેરના વિવિધ વિસ્તારોમાં લોકોને મળતા ગંદા અને દુર્ગંધયુક્ત પાણીનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે પોતાના વિસ્તારમાંથી મેળવેલું ડહોળું અને દુર્ગંધ મારતું પાણી કાચની બોટલ તથા ગ્લાસમાં ભરી સભામાં રજૂ કરી પાલિકા તંત્ર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો.

તીર્થ બ્રહ્મભટ્ટે આક્ષેપ કર્યો હતો કે, પાલિકા તંત્ર શહેરીજનોને શુદ્ધ પીવાનું પાણી, સારા રસ્તા અને પ્રાથમિક સુવિધાઓ આપવામાં નિષ્ફળ રહ્યું છે. એક તરફ વિકાસના મોટા દાવા કરવામાં આવે છે, જ્યારે બીજી તરફ નાગરિકોને પીવા માટે ચોખ્ખું પાણી પણ મળતું નથી. ગંદા પાણીની બોટલ સાથે વિરોધ થતાં શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે તીખી બોલાચાલી થઈ હતી. વિપક્ષે દૂષિત પાણીની સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવાની માંગ કરી હતી.

ગંદા પાણીના મુદ્દે હોબાળા વચ્ચે સામાન્ય સભામાં કોર્પોરેશનના સુચારુ સંચાલન માટે વિવિધ સમિતિઓની રચના અંગે પણ ચર્ચા થઈ હતી. કોર્પોરેશનની કામગીરીને વધુ અસરકારક બનાવવા કુલ નવ વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી હતી અને તેમાં નિયુક્ત સભ્યોના નામોની વિધિવત જાહેરાત કરાઈ હતી.

આ ઉપરાંત સ્થાનિક યુવાનો માટે રોજગારીની તકો ઊભી કરતો મહત્વનો નિર્ણય પણ લેવાયો હતો. કોર્પોરેશનની ભરતીમાં 50 ટકા કર્મચારીઓ સ્થાનિક યુનિવર્સિટીઓમાંથી તેમજ 50 ટકા સ્થાનિકોને રોજગારી આપવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. સભામાં ઉપસ્થિત સભ્યોએ આ પ્રસ્તાવને સર્વાનુમતે મંજૂરી આપી હતી. નવા બોર્ડની પ્રથમ મહત્વની સામાન્ય સભામાં લેવાયેલા નિર્ણયથી સ્થાનિક યુવાનોને રોજગારીની તકો મળવાની આશા વ્યક્ત કરવામાં આવી છે.

## ન્યૂડ વીડિયો કોલિંગ ચલાવતો સંચાલક બે દિવસના રિમાન્ડ પર

(પ્રતિનિધિ) વડોદરા તા.13

માંજલપુર પોલીસે STRIPCHAT એપ્લિકેશન મારફતે યુવતીઓ પાસે ઓનલાઈન ન્યૂડ વીડિયો કોલિંગ કરાવવાના કથિત રેકેટનો પર્દાફાશ કર્યો છે. બાતમીના આધારે દરબાર ચોકડી નજીક પ્રકૃતિ ફ્લેટમાં દરોડો પાડી મનીષ કનુ પઢિયારને ઝડપી પાડ્યો હતો.

પોલીસ તપાસમાં ફ્લેટમાં યુવતીઓને બોલાવી STRIPCHAT પર એકાઉન્ટ બનાવી ઓનલાઈન ગ્રાહકો સાથે વીડિયો કોલિંગ કરાવવામાં આવતું હોવાનું સામે આવ્યું હતું. પોલીસે સ્થળ પરથી ત્રણ લેપટોપ, બે ડેસ્ક કેમેરા અને મોબાઈલ સહિત રૂ.27 હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આરોપીને કોર્ટમાં રજૂ કરી પોલીસે 10 દિવસના રિમાન્ડની માંગણી કરી હતી, જોકે કોર્ટે બે દિવસની પોલીસ કસ્ટડી મંજૂર કરી છે. રિમાન્ડ દરમિયાન રેકેટમાં સંડોવાયેલા અન્ય લોકો, યુવક-યુવતીઓ, આરોપીની બેંક વિગતો તેમજ ઓનલાઈન વેબસાઈટ કોણ ચલાવે છે તે અંગે તપાસ હાથ ધરાશે.

### રોડ ઉપર મુકેલા વાહનોના કારણે લોકોને મુશ્કેલી, અકસ્માતની પણ ભીતી

# જાહેર રોડને સુકન મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલે પાર્કિંગ બનાવી દીધું!

**પાર્કિંગ** હોય તો રસ્તા પર વાહન કેમ પાર્ક કરાય છે ? તંત્ર દ્વારા આ હોસ્પિટલની મનમાની સામે એક્શન લેવાશે ?



(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરાના ન્યૂ VIP રોડ પર સુકન મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ બહાર જાહેર રસ્તા પર આડેધડ વાહન પાર્કિંગની ફરિયાદો ઉઠી છે. હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓ અને સગા-સંબંધીઓના વાહનો રોડની બાજુમાં ખડકાતા માર્ગની પહોળાઈ ઘટી જતી હોવાના કારણે અન્ય વાહનચાલકોને મુશ્કેલી પડતી હોવાની ચર્ચા છે. નજીકના ફ્લેટના ગેટ પાસે પણ વાહનો પાર્ક થતાં સ્થાનિક રહીશોને અવરજવરમાં પરેશાની થતી હોવાના આક્ષેપો છે.

સમગ્ર મામલે સૌથી મોટો સવાલ હોસ્પિટલની બાંધકામ પરવાનગી અને પાર્કિંગ વ્યવસ્થાને લઈને ઊભો થયો છે. હોસ્પિટલનું બાંધકામ મંજૂર કરતી વખતે પાર્કિંગ માટે કેટલી જગ્યા દર્શાવવામાં આવી હતી? મંજૂર નકશા મુજબની વ્યવસ્થા હાલ ઉપલબ્ધ છે કે નહીં તેની સ્થળ તપાસ કરવાની માંગ ઉઠી છે. જાહેર માર્ગ પર નિયમવિરુદ્ધ પાર્કિંગ થતું હોય તો પાલિકા અને ટ્રાફિક પોલીસે કાર્યવાહી કરવી જોઈએ. સામાન્ય વાહનચાલકો સામે નિયમભંગ બદલ કાર્યવાહી થતી હોય ત્યારે હોસ્પિટલ બહાર વારંવાર સર્જાતી સ્થિતિ સામે તંત્રની નિષ્ક્રિયતા અંગે પણ સવાલો ઉઠ્યા છે. સ્થાનિકોએ સ્થળ તપાસ કરી કાયમી ઉકેલ લાવવા અને જાહેર રસ્તાને ખાનગી પાર્કિંગ બનતો અટકાવવાની માંગ કરી છે.

# દંતેશ્વર હત્યા કાંડ: મકરપુરા પોલીસ દ્વારા બે આરોપીની ધરપકડ કરાઈ

**અન્ય** ફરાર આરોપીઓની પોલીસ દ્વારા શોધખોળ

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરાના દંતેશ્વર વિસ્તારમાં આવેલા વુડાના મકાનમાં મેહુલ ભરતસિંહ દરબારની હત્યાના ગુનામાં મકરપુરા પોલીસે બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે બંને આરોપીઓની પૂછપરછ શરૂ કરી છે, જ્યારે ઘટનામાં સંડોવાયેલા અન્ય આરોપીઓની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

દંતેશ્વર વિસ્તારમાં આવેલા વુડાના મકાનમાં રહેતા મેહુલ દરબાર ને ત્રણ દિવસ અગાઉ વિજય, પદમ સહિતના યુવકો સાથે કોઈ કારણોસર તકરાર થઈ હતી. આ તકરારનું સમાધાન કરવા માટે મેહુલને દંતેશ્વરના વુડાના મકાનમાં બોલાવવામાં આવ્યો હતો. જોકે, સમાધાન માટેની વાતચીત દરમિયાન મામલો ફરી ઉગ્ર બન્યો હતો.

આ દરમિયાન ઉશ્કેરાયેલા શખ્સોએ મેહુલ પર ચપ્પુ વડે હુમલો કર્યો હતો. હુમલામાં મેહુલને શરીરના વિવિધ ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આસપાસના લોકો દ્વારા તેને તાત્કાલિક સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં તબીબોની ટીમે સારવાર શરૂ કરી હતી, પરંતુ ગંભીર ઈજાઓના કારણે સારવાર દરમિયાન મેહુલનું મોત નીપજ્યું હતું.

હત્યાની ઘટનાને પગલે મકરપુરા પોલીસે તપાસ તેજ કરી છે. પોલીસે હત્યાના ગુનામાં બે આરોપીઓને ઝડપી પાડીને તેમની પૂછપરછ શરૂ કરી છે. ત્રણ દિવસ અગાઉ મેહુલ સાથે થયેલી તકરાર કયા કારણોસર થઈ હતી, સમાધાન માટેની બેઠક દરમિયાન શું બન્યું હતું અને હુમલામાં કેટલા લોકો સંડોવાયેલા હતા તે સહિતના મુદ્દે તપાસ હાથ ધરવામાં આવી છે. અન્ય આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસની ટીમો દ્વારા શોધખોળ શરૂ કરવામાં આવી છે.

## મોબાઈલ નહીં આપતા યુવક પર ચાકૂથી હુમલો

(પ્રતિનિધિ) વડોદરા તા.13

નવાયાર્ડ વિસ્તારમાં મોબાઈલ ન આપતાં ઉશ્કેરાયેલા ત્રણ શખ્સોએ 23 વર્ષીય યુવક સાથે મારામારી કરી ચપ્પુના ઘા ઝીંકી ગંભીર રીતે ઘાયલ કર્યો હતો. લોહીલુહાણ યુવકને 108 મારફતે એસ.એસ.જી. હોસ્પિટલ ખસેડાયો હતો.

રોશનપાર્કમાં રહેતો આરજુખાન પઠાણ વેલ્ડર તરીકે કામ કરે છે. 12 ઓગસ્ટની રાત્રે માતા માટે દવા લેવા શ્રીનાથપુરમ પાસેના મેડિકલ સ્ટોરે ગયો હતો. દવા લઈને બહાર ઊભો હતો ત્યારે અબ્દુલ પઠાણ બે સાથીદારો સાથે આવ્યો હતો. અબ્દુલે તેનો મોબાઈલ નંબર માગી ફોન ચેક કરવા કહ્યું હતું. યુવકે ઈનકાર કરતાં ત્રણેયે ગાળો આપી મારપીટ શરૂ કરી હતી. આરોપીઓએ યુવકને પકડી રાખ્યો હતો અને અબ્દુલે ચપ્પુથી શરીર તથા પીઠના ભાગે પાંચથી છ ઘા માર્યા હતા. બૂમાબૂમ થતાં મિત્રે યુવકને બચાવ્યો હતો. પોલીસે અબ્દુલ સહિત બે શખ્સો સામે હત્યાના પ્રયાસનો ગુનો નોંધ્યો છે.

### વડોદરાની સયાજી હોસ્પિટલના તંત્રની બડાશો વચ્ચે સ્થિતિ અત્યંત અસંવેદનશીલ

# ‘એમ્સ’ના દાવા વચ્ચે દાઝેલા માસૂમ બાળકને સ્ટ્રેચર પણ ન મળ્યું!

**માતાની** ગોદમાં દર્દથી તરફડતું બાળક, સેલાઈનની બોટલ હાથમાં લઈને પરિવાર વોર્ડ-વોર્ડ ભટક્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.13

સયાજી હોસ્પિટલને ‘એમ્સ’ કક્ષાની બનાવવાના દાવાઓ વચ્ચે હોસ્પિટલની વ્યવસ્થાને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે. હોસ્પિટલમાંથી સામે આવેલા એક કરુણ દ્રશ્યે તંત્રની કામગીરી સામે અનેક પ્રશ્નો સર્જ્યા છે. આશરે ૪થી ૫ વર્ષનું દાઝેલું માસૂમ બાળક સારવાર માટે એક વોર્ડમાંથી બીજા વોર્ડમાં ખસેડવાનું હતું, પરંતુ પરિવારના જણાવ્યા મુજબ તેને લઈ જવા માટે સ્ટ્રેચર કે વ્હીલચેર ઉપલબ્ધ થઈ ન હતી.

પરિણામે પીડાથી તરફડતા બાળકને તેની માતા પોતાની ગોદમાં ઊંચકીને વોર્ડ-વોર્ડ લઈ જવા મજબૂર બની હતી. બાળકને સેલાઈન ચાલુ હોવાથી પરિવારજનો બોટલ હાથમાં ઊંચકીને તેની સાથે ચાલતા જોવા મળ્યા હતા. આ દ્રશ્યે હોસ્પિટલની સુવિધાઓ અને દર્દીઓ પ્રત્યેની સંવેદનશીલતા અંગે ગંભીર સવાલો ઊભા કર્યા છે.



સયાજી હોસ્પિટલના સુપરિટેન્ડન્ટ ડૉ. રંજન ઐયર અને વહીવટી તંત્ર દ્વારા હોસ્પિટલને ‘એમ્સ’ કક્ષાની બનાવવાની વાતો કરવામાં આવે છે. જોકે, એક દાઝેલા બાળકને વોર્ડ બદલવા માટે સ્ટ્રેચર કે વ્હીલચેર ન મળવાની ઘટના આ દાવાઓ સામે પ્રશ્નાર્થ ઊભો કરે છે. હોસ્પિટલ વારંવાર વિવિધ વિવાદોને કારણે ચર્ચામાં રહે છે ત્યારે દર્દીઓ માટેની મૂળભૂત સુવિધાઓ અને માનવીય સંવેદનશીલતા અંગે તંત્રએ ગંભીરતાથી વિચારવાની જરૂરિયાત ઊભી થઈ છે.

# અપહરણ-પોક્સો કેસમાં આરોપીને ૭ વર્ષની સજા

**મકરપુરા** પોલીસની અસરકારક તપાસથી 9 મહિના 12 દિવસમાં કેસનો નિકાલ

**FSL,** મેડિકલ અને મોબાઇલ લોકેશન સહિતના પુરાવા રજૂ કરાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.13

મકરપુરા પોલીસના કન્વીકશન રેટ ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ હેઠળ અપહરણ અને પોક્સો કેસમાં આરોપીને સજા અપાવવામાં સફળતા મળી છે. નામદાર સ્પેશ્યલ પોક્સો કોર્ટ, વડોદરાએ આરોપી જયકુમાર ઉર્ફે ભોલુ હિતેશભાઈ વ્યાસને 7 વર્ષની સજા તથા રૂ.10 હજાર દંડ ફટકાર્યો છે. ઉપરાંત ભોગ બનનાર સગીરાને રૂ.3.50 લાખ વળતર ચૂકવવાનો હુકમ કર્યો છે.

16 સપ્ટેમ્બર 2025ના રોજ સગીરા ગોળ લેવા જઈ પરત ફરી રહી હતી ત્યારે THE BURGER TACO શોપ પાસે આરોપીએ તેનો હાથ પકડી બળજબરીથી પોતાના મકાનના બીજા માળે લઈ જઈ જાતીય સતામણી કરવાનો પ્રયાસ કર્યો હતો. બનાવની જાણ થતાં મકરપુરા પોલીસે બીજા જ દિવસે આરોપીની ધરપકડ કરી હતી.

તપાસ દરમિયાન પોલીસે FSL રિપોર્ટ, મેડિકલ રિપોર્ટ, સ્થળ પંચનામું, મોબાઈલ લોકેશન સહિતના મહત્વના પુરાવા એકત્ર કર્યા હતા. ત્યારબાદ 30 ઓક્ટોબરે કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. સરકારી વકીલની અસરકારક દલીલો અને રજૂ કરાયેલા પુરાવાઓના આધારે કોર્ટે આરોપીને દોષિત ઠેરવી 11 ઓગસ્ટે સજા સંભળાવી હતી. કેસનો નિકાલ માત્ર 9 મહિના અને 12 દિવસમાં થતાં પોલીસની ઝડપી તપાસ અને કોર્ટની કાર્યવાહીનું મહત્વ પણ સામે આવ્યું છે.


150 YEARS OF VANDE MATARAM

વડોદરા મહાનગરપાલિકા

જાહેર નિમંત્રણ





તિરંગા યાત્રા

ગુજરાત રાજ્યના
માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની અધ્યક્ષતામાં યોજાશે.

: ગરીમામયી ઉપસ્થિતિ :
ડૉ. શ્રીમતી મનીષાબેન વકીલ
ગુજરાત રાજ્યના માનનીય મંત્રીશ્રી મહિલા અને બાળ કલ્યાણ (સ્વતંત્ર હવાલો), સામાજીક ન્યાય અને અધિકારિતા.

: મુખ્ય અતિથિ :
શ્રી બાળકૃષ્ણ ખંડેરાવ શુક્લ (બાળુ શુક્લ) – ગુજરાત સરકારના માનનીય મુખ્ય દંડકશ્રી
શ્રીમતી ગીતાબેન મકવાણા – માનનીય મેયરશ્રી - વડોદરા
ડૉ. શ્રી હેમાંગભાઈ જોષી – માનનીય સંસદ સભ્યશ્રી - વડોદરા

: અતિથિ વિશેષ :
શ્રી કેયુરભાઈ રોકડીયા – માનનીય ધારાસભ્યશ્રી – સયાજીગંજ
શ્રી ચૈતન્યભાઈ દેસાઈ – માનનીય ધારાસભ્યશ્રી – અકોટા
શ્રી સતીષભાઈ પટેલ – માનનીય ધારાસભ્યશ્રી – માંજલપુર
શ્રી શૈલેષભાઈ મહેતા – માનનીય ધારાસભ્યશ્રી – ડભોઈ
શ્રી કેતનભાઈ ઈનામદાર – માનનીય ધારાસભ્યશ્રી – સાવલી
શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા – માનનીય ધારાસભ્યશ્રી – વાઘોડિયા
શ્રી ચૈતન્યસિંહ ઝાલા – માનનીય ધારાસભ્યશ્રી – પાદરા
શ્રી અક્ષયકુમાર પટેલ – માનનીય ધારાસભ્યશ્રી – કરજણ
શ્રી આદિત્યભાઈ પટેલ – માનનીય ડેપ્યુટી મેયરશ્રી
શ્રીમતી વર્ષાબેન વ્યાસ – માનનીય અધ્યક્ષાશ્રી - સ્થાયી સમિતિ
શ્રીમતી શ્વેતાબેન માછી – માનનીય નેતાશ્રી - શાસક પક્ષ
શ્રી વિજયભાઈ ચૌહાણ – માનનીય દંડકશ્રી - શાસક પક્ષ

ઉપસ્થિત રહેશે આ કાર્યક્રમમાં પધારવા જાહેર જનતાને નિમંત્રણ છે.

૧૪-૦૮-૨૦૨૬, શુક્રવાર
સાંજે ૪.૦૦ કલાકે

નિમંત્રક
શ્રી અરૂણ મહેશ બાબુ એમ.એસ. આઈ.એ.એસ. – મ્યુનિસિપલ કમિશનરશ્રી, વડોદરા.
શ્રી નરસિમ્હા કોમાર આઈ.પી.એસ. – પોલીસ કમિશનરશ્રી, વડોદરા.
શ્રી અનિલ ધામેલીયા આઈ.એ.એસ. – કલેક્ટરશ્રી, વડોદરા.

નવલખી મેદાન, રાજમહેલ રોડ, વડોદરા.

તિરંગા યાત્રાનો રૂટ :- યાત્રાનું પ્રસ્થાન : નવલખી મેદાન – કીર્તિ સ્તંભ – ખંડેરાવ માર્કેટ – શહીદ ભગતસિંહ ચોક (ન્યાય મંદિર) – સુરસાગર તળાવ – મહાત્મા ગાંધી નગરગૃહ ખાતે સમાપ્ત

P.R.O. No. : 311 / 2026-27